**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૩૯ ટકા

# આજે ગાયત્રી જયંતિ અને નિર્જળા એકાદશી વ્રત

## ગાયત્રી જયંતિ નિમિત્તે ગાયત્રી પરિવાર દ્વારા ઉજવણીનું આયોજન : નિર્જળા વ્રતમાં પાણી પીધા વિના શહેરીજનો દ્વારા વ્રત કરવામાં આવશે

ગાંધીનગર, તા.૯

હિંદુ ધર્મમાં માતા ગાયત્રીને હિંદુ ભારતીય સંસ્કૃતિના જન્મદાતા માનવામાં આવે છે. પંચાગ અનુસાર દર વર્ષે જેઠ સુદ એકાદશી તિથિ પર ઉજવવામાં આવે છે. પરંતુ આ વર્ષે ૧૦ જુને ગાયત્રી જયંતિની ઉજવણી કરાશે. કહેવાય છે કે આ તિથિએ વેદોની માતા ગાયત્રીની ઉત્પત્તિ થઈ હતી. જો કે ગાયત્રી જયંતિને લઈને અનેક મત છે. કેટલાક તેને ગંગા દશેરા માને છે સાથે જ કેટલાક માણસો દર વર્ષે શ્રાવણ માસની પૂનમની તિથિએ ગાયત્રી જયંતિ ઉજવે છે.



હિન્દુ પંચાંગ મુજબ આ વર્ષે જેઠ સુદ એકાદશી તિથિ ૧૦ જૂન શુક્રવારે આવે છે. આ દિવસે નિર્જળા એકાદશી પણ છે. નિર્જળા એકાદશીના દિવસે લોકો પાણી પીધા વગર વ્રત રાખે છે અને ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની પૂજા કરે છે. શાસ્ત્રોમાં ગાયત્રી માતાના મહીમાના પવિત્ર વર્ણનો ઘણી જગ્યાએ જોવા મળે છે. વેદોમાં માતા ગાયત્રીને વેદ માતા, દેવમાતા અને વિશ્વ માતા માનવામાં આવે છે.

ગાયત્રી મંત્ર એ ત્રિવેદ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો સાર છે. ગાયત્રી જયંતિની તારીખને લઈને ઘણા મંતવ્યો છે જયારે કેટલાક સ્થળોએ ગાયત્રી જયંતિ અને ગંગા દશેરાની તારીખ એક સમાન હોવાનું કહેવાતું હોય છે. તો કેટલાક લોકો બીજા દિવસે તેને ગણેસ દશેરા એટલે કે જયેષ્ઠ મહિનાની એકાદશીથી ઉજવે છે. સનાતન ધર્મમાં ગાયત્રી મંત્ર શ્રેષ્ઠ માનવામાં આવે છે. ગાયત્રી મંત્રના જાપ કરવાના ઘણા ફાયદા છે. ગાયત્રી મંત્રનો જાપ શાંત મનથી કરવો જોઈએ. એવું મનવામાં આવે છે કે જાપ કરતી વખતે બંધ આંખો સાથે ઊગતા સૂર્યનું ધ્યાન કરવાથી મંત્ર જાપ કરવાના ફળ વધારે મળે છે. હૃદયમાંથી અશુધ્ધિઓ અને કુસંસ્કારોને દૂર કરવાની ભાવનાની સાથે ભૌતિક સુવિધા યુકત ઈચ્છાઓ માટે જાપ પ્રક્રિયા કરવામાં આવે છે.

### ગાયત્રી પરિવાર દ્વારા દિપયજ્ઞનું આયોજન

સે-૧ ખાતે ગાયત્રી પરિવાર દ્વારા ગાયત્રી જયંતિ નિમિત્તે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પૂજન વિધિ, મંત્ર જાપ તથા સાંજે ૭ વાગ્યે દિપયજ્ઞનું આયોજન કરાયું છે.

### ગાયત્રી જયંતિના શુભ મુહૂર્ત

પંચાંગ અનુસાર એકાદશી તિથિ ૧૦ જૂન શુક્રવારે સવારે ૭.૨૫ વાગ્યાથી શરૂ થશે જે બીજા દિવસે ૧૧ જૂન શનિવારે સવારે ૫.૪૫ વાગ્યા સુધી રહેશે.







રાજય મધ્યસ્થ ગ્રંથાલય, સેકટર-૧૭માં કોઈ પુસ્તક લેવા કે વાંચન કરવા જઈએ તો ઉભા રહેવાની ઈચ્છા ન થાય તેટલી ગંદકી અહીં જોવા મળે છે. શૌચાલયની હાલ તો બદથી બદતર છે. ઠેર ઠેર અહીં ગંદકી ઉભરાય છે. પાઈપો તુટી ગઈ છે અને નળ બગડી ગયા છે. યોગ્ય મેન્ટેનન્સ થતું ન હોવાથી સેકટર-૧૭ની લાયબ્રેરી ગ્રંથ મંદિર નહી પરંતુ કોઈ ગંધાતું સ્થળ બની ગયું છે.

## એસ.કે રાજપુત શાળામાં ગાયત્રી મહાયજ્ઞનું આયોજન



એસ.કે રાજપુત શાળા સેકટર-૫ ગાંધીનગર ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવા પ્રવેશ થયેલા ભૂલકાઓ માટે ઉજ્વળ ભવિષ્ય થાય અને સંસ્કારોનું સિંચન થાય એ હેતુથી મંત્રોચ્ચાર દ્વારા નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં જલપાન ભાઈ અને ગાયત્રી પરિવાર, શિક્ષકો, વાલી અને વિદ્યાર્થીઓએ યજ્ઞમાં આહુતિ આપી હતી. ગુરુકૃપા હોસ્ટેલના સંચાલક સુનિલભાઈ, શૈલેષભાઈ વગેરે આ યજ્ઞમાં હાજર રહ્યા હતા. શાળાના આચાર્ય કિરણબેન પટેલ પધારેલ તમામનો આભાર માન્યો હતો.

## જન્મદિને વધામણી



કિરીટ પ્રજાપતિ
મો. ૮૪૦૧૮ ૯૩૬૭૮



મિહીર ગૌરવ પરમાર
મો. ૬૩૫૬૦ ૩૫૯૨૯



પટેલ માનવ પરાગભાઈ
મો. ૯૯૨૪૫ ૪૯૫૦૩

## જિલ્લાની બેંકોએ ૧૫૦થી વધુ લાભાર્થીઓને વિવિધ ધિરાણનું ચેક વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૯

આજે ગાંધીનગર જિલ્લાના 'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં એસબીઆઈ લીડ બેંક અને જિલ્લાની બધી બેંકોએ સાથે મળીને ૧૫૦થી વધુ લાભાર્થીઓને સરકારની વિવિધ




યોજનાઓ જેમ કે મુદ્રા યોજના, પીએમ સ્વનિધિ, કેસીસી એનિમલ હસબન્ડરી, પાક ધિરાણ જેવી યોજનાના સેનકશન લેટર આપવામાં આવ્યા હતા. આ સાથે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ લાભાર્થીઓને ચૂકવાયેલા ૨ લાખ રૂપિયાના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર ઉપસ્થિત રહ્યાં હતા તેમજ અન્ય મહેમાનોમાં આરબીઆઈમાંથી એજીએન કલર સાહેબ, લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર પ્રકાશ વિજયવર્ગીય હાજર રહ્યાં હતા. આ પ્રોગ્રામનું સુંદર સંચાલન બેંક ઓફ ઈન્ડિયાના હિમાંશુ ભાઈ ગઢવીએ કર્યુ હતું.

## આજે શહેરમાં વિના મૂલ્યે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૯

શાળા-કોલેજોના પરિણામોનો સમય ચાલી રહ્યો છે અને તાજેતરમાં બોર્ડની પરીક્ષાઓના પણ રીઝલ્ટ જાહેર કરાયાં છે. સ્પર્ધાત્મક યુગમાં પરિણામો બાદ યુવા વિદ્યાર્થીઓને સૌથી મુંઝવતો પ્રશ્ન કારકિર્દી પસંદગીનો હોય છે જે અંગે તેઓ ભારે અવઢવ અનુભવતા હોય છે. આ બાબતને અનુલક્ષીને રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા યુવાનો માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું વિના મૂલ્યે સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર તા.૧૦ જુન ૨૦૨૨, શુક્રવારે સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન સેક્ટર-૧૫માં એલ.ડી.આર.પી કેમ્પસના વર્કશોપ બિલ્ડીંગમાં સેમિનાર હોલ ખાતે યોજાશે જેમાં ધો. ૧૦-૧૨ અને ગ્રેજ્યુએટ પછી ઉચ્ચતર અભ્યાસ થકી ઉજ્જ્વળ કારકિર્દીની તકો વિશેષ નિષ્ણાતો દ્વારા સચોટ માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યક્રમના માર્ગદર્શકોમાં ડૉ. ભાવિન પંડ્યા, ડૉ. દિવ્યાંગ પંડ્યા અને પ્રો. પાવન ભટ્ટનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન તેમજ વધુ વિગત માટે ડો. ધર્મેન્દ્ર પટેલનો મો. નં. ૯૪૨૮૪ ૮૨૧૮૨, કાર્તિક પટેલનિ મો.નં. ૮૭૮૦૦ ૯૯૮૫૫, દુષ્યંત પટેલનો મો.નં. ૯૦૯૯૦ ૬૩૨૫૪ અથવા હાર્દિક પટેલનો મો.નં. ૯૦૮૧૪ ૨૨૪૪૪ પૈકી કોઈપણ સાથે સંપર્ક સાધી શકાશે.

## સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં સંકીર્તન પ્રાર્થના સત્સંગ કથાનું આયોજન

ગાંધીનગર, તા.૯

સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં તા.૧૨ જૂન રવિવાર થી તા. ૧૬ જૂન ગુરૂવાર સુધી પાંચ દિવસનું સંકીર્તન પ્રાર્થના સત્સંગ કથાનું મંગળ આયોજન કરવામાં આવ્યું છે. કલા-સંસ્કૃતિની પરંપરાને ઉજાગર રાખવા પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા વાજીંત્રોની સુરાવલીઓ સાથે નંદ સંતો રચિત કીર્તનોના શ્રવણ દ્વારા અંતર નાદને અનંત સુધી પહોચાડવા માટે નિસ્વાર્થ ભાવે સ્નેહ સદ્ભાવથી આ મંગળ આયોજન કરાયું છે. જેનો સમય – દરરોજ રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધીનો રાખેલ છે. આ પ્રાર્થના સત્સંગ કથામાં સૌ નાગરિકોને પધારણા આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## વહાણવટીકૃપા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ગરીબ બાળકોને નાસ્તા વિતરણ



ગાંધીનગર, તા.૯

શ્રી વહાણવટીકૃપા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં ગરીબ બાળકોને શિક્ષણ મળી રહે તે માટે દર શનિવારે આયોજન કરવામાં આવે છે. નિરાધાર તેમજ જે બાળકોના માતા – પિતા તેમના બાળકોને શિક્ષણ આપવા માટે સક્ષમ નથી તેવા બાળકોને શોધીને તેમને શિક્ષિત બનવા માટે સમજાવવામાં આવે છે તથા તેમની સાથે બેસીને જ નાસ્તો કરવામાં આવે છે. દર શનિવારે સંસ્થાના ટ્રસ્ટી વિપુલભાઈ સોલંકી દ્વારા ગરીબ બાળકોને નાસ્તો અને ભોજન કરાવવામાં આવે છે. સંસ્થાની આ પ્રવૃત્તિ સાથે વધુ ને વધુ લોકો જોડાય તે માટે સંસ્થા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે. આ શિક્ષણના સેવા કાર્ય સાથે જોડાવવા માટે પીયૂષસિંહ સોલંકી મો. ૯૯૭૮૪ ૬૦૬૮૬નો સંપર્ક સાધવા જણાવાયું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વાઘેલા શાન્તાબેન ગણપતસિંહ, ઉ.વ. ૬૪, પેથાપુર
- સ્વ. ઠાકોર કાનાજી કચરાજી, ઉ.વ. ૫૯, દોલારાણા વાસણા
- સ્વ. રબારી સાગરભાઈ દેવજીભાઈ, ઉ.વ. ૮૦, બોરીજ

## સંગીની ફોરમની નવી ટર્મની વિવિધ કોમ્પીટીશન તથા મેગા હાઉસી સાથે શુભારંભ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જૈન સોશિયલ ગૃપના સંગીની ફોરમના નવા નિમાયેલા પ્રમુખ ભાવિના શાહ અને તેમની ટીમ દ્વારા તા.૬ઠ્ઠી જુનના સોમવારના રોજ ગુજરાત રિજિયનના પદાધિકારીઓ સાથે માસ્ટર શેફ, ડ્રેસ કોમ્પીટેશન તથા મેગા હાઉસીનો ભવ્ય પ્રોગ્રામ આપવામાં આવ્યો હતો. સમારંભના મુખ્ય અતિથિઓ જેએસજી-આઈએફ ગુજરાત રિજિયનના વાઈસ ચેરમેન અરવિંદભાઈ શાહ, જેએસજી-ગુજરાત રિજિયનના જોઈન્ટ સેક્રેટરી પૂજાબેન મહેતા, જેએસજી સંગીની ગુજરાત રિજિયન કન્વીનર હેતલબેન મેહતા, ફાઉન્ડર પ્રેસિડેન્ટ નીતીકાબેન શાહ જેએસજી-સુરત




માસ્ટર શેફ પ્રોગ્રામના કન્વીનર નેહાબેન દોશી અને ટીમ માસ્ટર સેફ ફૂડ કોમ્પિટિશનના જજ ઈટીવી ગુજરાતી રસોઈ શોના હોસ્ટ મિત્તલબેન શાહ અને ગાયત્રીબેન ત્રિવેદી, હિંમતનગર, તલોદ, ખેડબ્રહ્માથી પ્રેસિડેન્ટ સેક્રેટરીએ હાજરી આપી હતી.

આ કાર્યક્રમમાં ગ્રુપના સભ્યો ઘરેથી સરસ વાનગી અને તેની રેસીપી તૈયાર કરીને આવ્યા હતા. માસ્ટર શેફ કોમ્પીટીશનમાં ૪૦ જેટલી એન્ટ્રી હતી અને તેમાં પાંચ વિજેતા જાહેર કર્યા હતા. નેહાબેન દોશીએ હાઉસી સરસ રમાડી હતી અને તેના સ્પોન્સરર ગુલાબ ઓઈલ, આઈએફબી, સ્વાદ અને ટીજીબી કંપની હતા અને તેમાં ૧૫ જેટલા વિજેતાઓ જાહેર થયાં હતા બમ્પર હાઉસીમાં આશરે રૂ.૨૪૦૦ની કિંમતની વસ્તુઓનું ઈનામ હતું. કાર્યક્રમમાં બેસ્ટ ડ્રેસ કોમ્પિટિશન હતી તેમાં ૨૦થી વધારે એન્ટ્રી હતી તેમાંથી ચાર વિજેતા જાહેર કર્યા હતા. પૂજાબેન મહેતા અને હેતલબેન મહેતા તરફથી પ્રેસિડેન્ટ ભાવિના શાહનુ ગ્રુપ એવોર્ડથી સન્માન કરવામાં આવ્યુ હતું. હેતલબેન મહેતાએ માસ્ટર શેફના વિજેતાને સર્ટીફીકેટ આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે સંગીની ગાંધીનગરમાં ૫૫ જેટલા નવા સભ્ય જોડાયાં છે. અને આ પ્રોગ્રામ દરમ્યાન અતિથિઓ સાથે મળીને ૧૦૭ જેટલા મેમ્બરોએ સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો હતો. આ રીતે પરફોર્મન્સ, કમ્પિટેશન, લક અને આસ્વાદ સાથેનો વૈવિધ્ય સભર પ્રોગ્રામ હર્ષોલ્લાસ સાથે માણ્યો હતો અને ફરી નવા વૈવિધ્યપૂર્ણ પ્રોગ્રામમાં ફરી મળવાના પ્રોમિસ સાથે છુટાં પડયા હતાં.

## આજે યોગ બોર્ડ દ્વારા યોગ જાગરણ રેલીનું આયોજન

ગાંધીનગર, તા.૯

ગુજરાત યોગ બોર્ડ દ્વારા ગુજરાતને યોગમય બનાવવા યોગ સંવાદ, યોગ જાગરણ રેલીનું આયોજન ૧૦ જૂને સાંજે ૫:૦૦ વાગ્યે સેક્ટર-૪ના ગાર્ડન પાસે થી તેમજ તારીખ ૧૧ જૂનના રોજ યોગ શિબિરનું આયોજન સેક્ટર-૪ના ઓમકારેશ્વર મંદિર ના મેદાન માં કરવામાં આવ્યું છે. તો સૌ નાગરિકોને આ શિબિરનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## કેપિટલ રેલવે સ્ટેશનમાં હરિદ્વાર જવા ધસારો

### મુંબઈ શતાબ્દી એકસપ્રેસમાં દૈનિક ૫૦ જેટલી ટીકિટો જયારે હરિદ્વાર માટે દૈનિક ૧૫૦થી વધુ ટીકિટોનું વેચાણ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં શાળા કોલેજોમાં વેકેશન પડવાથી શહેરીજનોએ પ્રવાસ માટે દોટ લગાવી છે. જેમાં બસ, ટ્રાવેલ્સ, ખાનગી વાહનો, ટ્રેન, પ્લેનના બુકિંગમાં ધમધમાટ છે. ઉનાળાના વેકેશનમાં શહેરીજનો વિવિધ સ્થળોએ ફરવા નીકળી પડયા છે. જેમાં ધાર્મિક સ્થળો, દરિયાકિનારાના સ્થળો, ગ્રીનરીવાળા સ્થળો અને ઠંડા પ્રદેશોમાં શહેરીજનોએ પ્રવાસ કરવાનું માંડયું છે ત્યારે ગાંધીનગર ખાતે આવેલા કેપિટલ રેલવે સ્ટેશનમાં પણ ઉનાળા વેકેશનની અસરો જોવા મળી છે. શહેરીજનો દ્વારા હરિદ્વારની ટીકિટોના બુકિંગમાં ખુબ રસ ધરાવ્યો છે.



લોકો ટ્રેનમાં જવાનું પસંદ કરી રહ્યા છે. ઓનલાઈન અને ઓફલાઈન ટીકિટોના બુકિંગ ચાલી રહ્યા છે. ધાર્મિક પ્રવાસન સ્થળ હરિદ્વારમાં સૌથી વધારે પ્રવાસીઓ જઈ રહ્યા છે. ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશનમાં દરરોજની ૧૫૦થી વધુ ટીકિટોનું વેચાણ થઈ રહ્યું છે. આ ઉપરાંત ગાંધીનગર-મુંબઈ શતાબ્દી એકસપ્રેસમાં પણ હવે ટીકિટોનું વેચાણ વધી રહ્યું છે. શરૂઆતમાં આ ટ્રેનનો ઉપયોગ ગાંધીનગરાઓ ખૂબ ઓછા પ્રમાણમાં કરી રહ્યા હતા. જેમાં હાલમાં જોવા જઈએ તો દરોજના ૫૦ જેટલા મુસાફરો નોંધાય છે. ઉનાળાના વેકેશનનો ઉપયોગ શહેરીજનો દ્વારા વિવિધ સ્થળોએ હરવા ફરવા માટે કરવામાં આવતા ટ્રેનોમાં ભીડ જોવા મળી રહી છે. કોરોના મહામારી બાદ ઉનાળાના વેકેશનનો ભરપૂર ઉપયોગ કરવાનો લહાવો શહેરીજનોને મળવાથી ઠેક ઠેકાણે પ્રવાસન સ્થળો પર જઈ રહ્યા છે. સિનિયર સિટિઝનો પણ ભેગા થઈને ધાર્મિક પ્રવાસે જઈ રહ્યા છે.

ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનમાં પહેલા કાગડા ઉડતા હતા તેમાં પણ શતાબ્દી એકસપ્રેસ તો સાવખાલી ખમ જોવા મળતી હતી પરંતુ જેમ જેમ નાગરિકોને ટ્રેન વિશે માહિતી મળતી ગઈ તેમ તેમ ધસારો વધી રહ્યો છે. તારીખ ૧૫મીથી રેલવેની પરીક્ષાનું આયોજન છે. જેમાં શહેરના પરીક્ષાર્થીઓના છેક ઈન્દોર, મુંબઈ, સુરતમાં પરીક્ષા કેન્દ્રો આવ્યા છે તેથી ૧૨મીથી ટ્રેનોમાં ટીકિટોનું ફુલ બુકીંગ થશે તેમ વિગતો મળી હતી.

## ચૌધરી નર્સિંગ કોલેજ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૯

ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગમાં બેઝીક બીએસસી નર્સિંગ, જીએનએમ તથા પોસ્ટ બેઝિક બીએસસી નર્સિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસમાં ૭ જૂન મંગળવારના રોજ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી, મંત્રી ડી.જી. ચૌધરી, ખજાનચી એમ.એમ. ચૌધરી, કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી અને ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગના પ્રિન્સીપાલ મયુક જૈન, વાઈસ પ્રિન્સીપાલ મોનિકા ક્રિશ્ચિયન, ફેકલ્ટી મેમ્બર તથા નોન ફેકલ્ટી મેમ્બરની ઉપસ્થિતિમાં નાટક તથા વૃક્ષારોપણ કરી પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.